**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ મા.**

**ક્રિ. કે. નં. ૭૪૭૬૧/૨૦૧૮.**

ફરીયાદી : સરકાર આંક ૪

વિ.

આરોપી :– રીયાઝભાઈ મહંમદભાઈ.

અમદાવાદ.

ગુનો :–**<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબ.</u>**

**<u>–: ઠ રા વ : –</u>**

(૧) આ કામે આરોપી વિરુધ્ધ એલીસબ્રીજ/પાલડી પોલીસ સ્ટેશનમા ઈ. પી. કો. કલમ ૨૮૩ મુજબના ગુનાની ફરીયાદ થયેલ છે જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) આરોપી સમન્સ બજતા કોર્ટમા હાજર હોઈ, કેસની નકલો આપવામા આવેલ છે. આરોપીએ આંક ૨ ની ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે ને તેનો સદરહુ ગુના અંગે આંક ૩ થી જવાબ લેવામા આવેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોઈ, દયા કરવા કોર્ટને અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>–: હુ ક મ : –</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ગુના બદલ રુ. ૨૦૦/– ( અંકે રુપિયા બસ્સો ) પુરા દંડ કરવામા આવે છે. દંડ ના ભરે તો દિન–૪ (ચાર) ની સાદી કેદની સજા કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ. ( એસ.એમ. ગોવાણી.)

તા. ૮/૯/૨૦૧૮. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૨૨, અમદાવાદ.

GJ00918.